| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૭-૦૩-૨૦૨૨ |
| રજીસ્ટર તારીખ | ૧૭-૦૩-૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૦૮-૦૪-૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ - માસ - દિવસ |
| | ૦૪ -૦૦ -૨૨ |
| **Exh.** | **59** |

सत्यमेव जयते

---

**નામદાર આઠમા એડીશ્નલ સેશન્સ જજ અને સ્પેશ્યલ એટ્રોસીટી જજ સાહેબશ્રીની અદાલતમાં, (કોર્ટ નં.૮),ભુજ-કચ્છ.**

---

**સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નં.૧૦ સને ૨૦૨૨**

**<u>ફોર્મ - '' એ ''</u>**

| **નામદાર સ્પેશ્યલ એટ્રોસીટી જજ સાહેબશ્રીની અદાલતમાં, (કોર્ટ નં.૮),ભુજ-કચ્છ.** | |
|---|---|
| ચુકાદા તારીખ | **તા.૦૮/૦૪/૨૦૨૬** |
| ફોજદારી કેસ સંખ્યા | **૧૦ સને ૨૦૨૨** |
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪,તથા,જી.પી.એકટ -૧૩૫ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ નાં સુધારા-૨૦૧૫ ની કલમ-૩(૧)(આર)(એસ),૩(૨)(૫-એ) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | મુન્દ્રા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૫૦૩૨૨૧૧૩૭૬/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | મુન્દ્રા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી | **શ્રી સરકાર તરફે ફરિયાદી- રાઘવજી ગગાભાઇ મહેશ્વરી** |

(T. N. Khandhadiya)
8th Addl. Sessions Judge, Bhuj

| | |
|---|---|
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.મદદનીશ સરકારી વકીલ | **શ્રી પી.વી.વાણિયા-ડી.જે.ઠકકર.** |
| **આરોપી** | **(૧) બળવંતસિંહ ધીરૂભા જાડેજા**<br>ઉ.વ.૩૨,ધંધો-પ્રા.નોકરી,<br>રહે:ગામ:વિરાણી તા:મુન્દ્રા,<br>જિલ્લો: કચ્છ. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલશ્રી | **શ્રી આર.એસ.ગઢવી.** |

**<u>ફોર્મ-"બી"</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૨/૧૨/૨૦૨૧ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૩/૧૨/૨૦૨૧ |
| આખરી અહેવાલની તારીખ | ૨૨/૦૨/૨૦૨૨ |
| ત્હોમતનામુ ઘડયાની તારીખ | ૧૯/૧૦/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૭/૧૨/૨૦૨૩ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે,તે તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો | -- |

**<u>આરોપીની વિગત</u>**

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં.કલમ -૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **બળવંતસિંહ ધીરૂભા જાડેજા** | ૦૨/૦૧/૨૦૨૨ | ૦૭/૦૧/૨૦૨૨ | ઉપર મુજબ | નિર્દોષ | - | - |

**<u>ફોર્મ-સી</u>**

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | સાહેદનાં નામ | વિગત |
|---|---|---|---|

(T. N. Khandhadiya)
8th Addl. Sessions Judge, Bhuj

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧૫ | મગન સુમાર મહેશ્વરી | પંચસાહેદ |
| ૨ | ૧૭ | રવિરાજસિંહ સુરૂભા જાડેજા | પંચસાહેદ |
| ૩ | ૨૦ | શકિતસિંહ મહિપતસિંહ ઝાલા | પંચસાહેદ |
| ૪ | ૨૬ | આશીફ આરીફ ખોજા | પંચસાહેદ |
| ૫ | ૨૮ | તખુભા મનુભા સોઢા | પંચસાહેદ |
| ૬ | ૩૦ | રાઘવજી ગગા મહેશ્વરી | ફરિયાદી |
| ૭ | ૩૩ | મનજી સુમાર મહેશ્વરી | સાહેદ |
| ૮ | ૩૪ | પ્રેમજી વાછીયા મહેશ્વરી | સાહેદ |
| ૯ | ૩૬ | લખમાબાઇ રાઘવજી મહેશ્વરી | સાહેદ |
| ૧૦ | ૩૯ | વિરમભાઇ રમાભાઇ ગઢવી | સાહેદ |
| ૧૧ | ૪૧ | ગોવિંદભાઇ મનસુખભાઇ માળી | સાહેદ |
| ૧૨ | ૪૪ | ડો.ધવલભાઇ ભારામલભાઇ બકુત્રા | સાહેદ |
| ૧૩ | ૪૭ | વસંતભાઇ બાલાશંકર જોષી | સાહેદ |
| ૧૪ | ૪૮ | આશિષ અરૂણકુમાર પંડયા | તપાસ કરનાર અમલદાર |

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૮ | પંચનામું |
| ૩ | ૧૯ | પંચસ્લીપ |
| ૪ | ૨૭ | પંચનામું |
| ૫ | ૩૧ | અસલ ફરિયાદ |
| ૬ | ૩૨ | જાતિનો દાખલો |

| | | |
|---|---|---|
| ૭ | ૪૦ | હથિયારબંધીનું જાહેરનામું |
| ૮ | ૪૨ | જાતીના દાખલાનું રજીસ્ટ્રર |
| ૯ | ૪૫ | સારવાર સર્ટીફીકેટ |
| ૧૦ | ૪૯ | અટક પંચનામું |
| ૧૨ | ૫૦ | ઓળખ પરેડ કરાવવા માટે કરેલ યાદી |
| ૧૩ | ૫૧ | આરોપીની ઓળખ પરેડ કરાવવા કરેલ યાદી |
| ૧૪ | ૫૨ | ઓરોપીની ઓળખ પરેડ કરાવવા કરેલ યાદી |
| ૧૫ | ૫૩ | મામલતદારશ્રીએ ઓળખ પરેડ કરાવવા કરેલ યાદી |
| ૧૬ | ૫૪ | મામલતદારશ્રીએ ઓળખ પરેડ માટે કરેલ યાદી |
| ૧૭ | ૫૫ | એકઝી.મેજી.શ્રી મુન્દ્રા પી.એસ.આઇ.ને કરેલ યાદી |
| ૧૮ | ૫૬ | મેડીકલ ઓફીસરશ્રી મુન્દ્રાનાઓને કરેલ યાદી |

## -// **ચુ કા દો** //-

(૧) આ કામનાં આરોપી સામે આરોપીએ ગ્રામપંચાયતની ચુટણીનું મનદુ:ખ રાખી ફરિયાદી સાથે ઝઘડો કરી ફરિયાદીને ગાળો બોલી,જાતિ અપમાનિત કરી,આરોપીએ ફરિયાદીને લાકડીથી માર મારી મુઢ ઈજાઓ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી,મ્હે.જિલ્લા મેજી.સાહેબના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરેલ હોવાનાં આક્ષેપ છે.

**ફરિયાદપક્ષનાં કેસની વિગત :**

(૨) આ કામનાં ફરિયાદી રાઘવજી ગગાભાઇ મહેશ્વરી, રહે,વિરાણીયા જુની પ્રાથમિક શાળાની બાજુમાં મુન્દ્રાકચ્છનાઓએ દ્વારા તા:-૨૨/૧૨/૨૦૨૧ નાં રોજ મુન્દ્રા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.આર.બારોટ સમક્ષ જાહેર કરવામાં આવેલ ફરિયાદ હકીકત મુજબ આરોપીએ ગ્રામપંચાયતની ચુટણીનું મનદુ:ખ રાખી ફરિયાદી સાથે ઝઘડો કરી ફરિયાદીને ગાળો બોલી,જાતિ અપમાનિત કરી,આરોપીએ ફરિયાદીને

(T. N. Khandhadiya)
8th Addl. Sessions Judge, Bhuj

લાકડીથી માર મારી મુઢ ઇજાઓ કરી અને જાનથી મારી નાખવાની ધંમકી આપી,મ્હે.જિલ્લા મેજી.સાહેબના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ.

**<u>ચાર્જશીટ તથા કમીટ અંગેની કાર્યવાહી</u>**

(૩) ઉપરોકત વિગતવારની ફરિયાદ શ્રી એમ.આર.બારોટ,પોલીસ સબ ઇન્સપેકટર, મુન્દ્રા પોલીસ સ્ટેશનનાંઓએ ફરિયાદીનાં લખાવ્યા મુજબ નોંધી ગુન્હો દાખલ થવા ફરિયાદ મુજબ મુન્દ્રા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૩૨૨૧૧૩૭૬/૨૦૨૧ થી આરોપી વિરૂધ્ધ આઇ.પી.સી.ની. કલમ–૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ) અધિનિયમ–૧૯૮૯ નાં સુધારા –૨૦૧૫ ની કલમ–૩(૧)(આર),(એસ),૩(૨)(૫–એ)તથા,જી.પી. એકટ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધી આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષક, એસ.ટી.એસ.સી.સેલ ભુજનાઓને સોંપતા તેઓએ કાગળોનો અભ્યાસ કરી, ફરિયાદીનું વિશેષ નિવેદન લીધેલ,બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા, આરોપીઓને અટક પંચનામાની વિગતે અટક કરેલ, ફરિયાદીનો જાતિનો દાખલો મેળવેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ તપાસનાં અંતે આરોપીઓ વિરૂધ્ધ સદરહુ ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખતા તે સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નં.૧૦/૨૦૨૨ થી નોંધવામાં આવેલો.

**<u>ત્હોમતનામા</u>**

(૪) ત્યારબાદ આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક:–૧૩ થી આરોપી વિરૂધ્ધ આઇ.પી.સી.ની કલમ–૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત

જનજાતિ અત્યાચાર નિવારણ) અધિનિયમ –૧૯૮૯ નાં સુધારા–૨૦૧૫ ની કલમ–૩ (૧)(આર), ૩(૧)(એસ), ૩(૨),(૫–એ),તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હાઓનું ત્હોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી આંક:–૧૪ આરોપીનું નિવેદન લેતા આરોપી ધ્વારા ગુન્હાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવાવની માંગણી કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૫) ત્યારબાદ આ કામે ઉપરોકત ફોર્મ–સી મુજબનાં સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે અને વિ.એ.પી.પીશ્રીએ આંક:–૫૭ ની પુરશીશીથી બાકીનાં સાહેદોને ડ્રોપ કરતા હોવાનું જાહેર કરી આંક:–૫૮ ની પુરશીશથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદન</u>**

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલુ.જેમાં આરોપી ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત સ્વીકારી, બાકીનાં ફરિયાદપક્ષનાં તેઓ વિરૂધ્ધનાં અન્ય પુરાવાની હકીકત અંગે ખોટી વાત હોવાનું,માહિતી ન હોવાનું,ફરિયાદ ખોટી આપેલ હોવાનું તથા ખોટી તપાસ હોવાનું જણાવી સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવનાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે,તેઓ નિર્દોષ છે,તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી.દયા કરી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**<u>ફરિયાદ પક્ષની દલીલ:–</u>**

(૭) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આરોપી વિરૂધ્ધ આંક:–૧૩ થી ત્હોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને કુલ–૧૪ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે અને તેને

આનુસંગિક દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. આ તમામ પુરાવાઓ પરથી ફરિયાદપક્ષ તેઓનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ થયેલ હોવાની રજુઆત થયેલ છે અને આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલ:–</u>**

(૮) સદર કામમાં આરોપીનાં વિ.વકીલશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આ કામનાં ફરિયાદી અને સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને અનુરૂપ કોઇ જ પુરાવો આપેલ નથી અને ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>મુદાઓ:–</u>**

(૯) આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપિસ્થત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા:૨૨/૧૨/૨૦૨૧ ના રોજ આરોપીએ ગ્રામ પંચાયતની ચુટણીનું મનદુ:ખ રાખી ફરિયાદી સાથે ઝઘડો કરી ફરિયાદીને ગાળો બોલી,જાતિ અપમાનિત કરી,આરોપીએ ફરિયાદીને લાકડીથી માર મારી મુઢ ઈજાઓ કરી અને જાનથી મારી નાખવાની ધંમકી આપી, આઇ.પી.સી.ની.કલમ: ૩૨૩, ૨૯૪(બી), ૫૦૬,(૨),૧૧૪મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૨) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે,ઉપરોકત બનાવનાં દિવસે,સમયે અને સ્થળે આરોપીઓ જાણતા અને માનતા હતા કે ફરિયાદી તથા સાહેદ અનસુચિત જાતિનાં સભ્ય છે તેમ છતાં ફરિયાદી તથા સાહેદને જાતિ અપમાનિત શબ્દો બોલી અત્યાચાર ગુજારીને અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ની કલમ–૩(૧)(આર)

(એસ),૩(૨)(૫-એ) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૩) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે,ઉપરોકત બનાવનાં દિવસે,સમયે અને સ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટ,કચ્છ-ભુજ ધ્વારા હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં તે જાહેરનામાનો ભંગ કરી આરોપીએ લાકડીનો હથિયાર તરીકે ધારણ કરી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૪) શું હુકમ ?

(૧૦) આ મુદાઓ પરત્વેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમા.

(૨) નકારમા.

(૩) નકારમા.

(૪) આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**<u>મુદા નંબર ૧ થી ૩ ની ચર્ચા:-</u>**

(૧૧) ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુનરાવર્તન ટાળવા માટે સરળતા ખાતર ત્રણેય મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૧૨) ફોજદારી કાર્યપ્રણાલીનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ ની જોગવાઇ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ ઉપર તેઓનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી રહેલી છે. ફરીયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ પુરવાર કરવામાં સામાપક્ષની નબળાઇનો કોઈ લાભ લેવાનો હોતો નથી, પરંતુ પોતે રજુ કરેલ પુરાવાથી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. જેટલા ગંભીર ગુનાનાં આક્ષેપ તેટલી જ ઉંચી ગુણવત્તાનાં પુરાવાની અપેક્ષા ફરીયાદપક્ષ ઉપર હોય છે. પુરાવાના કાયદાના સ્થાપિત સિધ્ધાંતો અનુસાર,

વિસંગતતા માટેનાં ઘણાં કારણો હોય શકે છે જેમ કે, સમયની સાથે યાદ શકિતમાં ઘટાડો, બનાવને નિહાળવાની શકિતમાં તફાવત, માનસિક તણાવ, બનાવ સમયે લાગેલ આઘાત પણ વિસંગતતા માટેનાં કારણો હોય શકે છે. વધુમાં જયારે અન્ય પુરાવો વિશ્વસનીય હોય ત્યારે થોડી માત્રામાં પુરાવામાં આવેલ વિસંગતતાનો લાભ આરોપીને મળી શકે નહીં. વધુમાં પુરાવાનું મુલ્યાંન કરતાં સમયે નિર્દોષ દંડાય નહીં અને દોષિત છુટી ન જાય તેનું પુરતું ધ્યાન રાખવું જરૂરી છે. જેથી પુરાવાનું મૂલ્યાંકન સમગ્ર બનાવની હકીકત અને રેકર્ડ ઉપર આવેલ હકીકતોને ધ્યાનને લઇ કરવું જરૂરી છે. વધુમાં જયાં સુધી આરોપીઓ ગુનેગાર પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ દ્વારા તેઓનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી રહેલ છે. વધુમાં જો પુાવામાં કોઇપણ શંકા ઉત્પન્ન થાય તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં પુરાવાની સંખ્યા કરતાં પુરાવાની ગુણવત્તા ઉપર વધુ આધાર હોય છે. ગુનો જેટલો ગંભીર તેટલો જ સચોટ અને વિશ્વસનીય પુરાવાની અપેક્ષા રાખવામાં આવતી હોય છે અને જો ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય ન હોય તો તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**<u>પંચ સાહેદો</u>**

(૧૩) આ કામે સાહેદ નં.(૧) પંચસાહેદ મગન સુમાર મહેશ્વરીની જુબાની આંક:-૧૫ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,આશરે કેએક વર્ષ પહેલા પોલીસે સાંજના ભાગે વિરાણીયા બસ સ્ટેશન પાસે જયાં ઝઘડો થયેલો ત્યાં બોલાવેલા ત્યાં રાઘવજી અને બળુભા વચ્ચે ઝઘડો થયેલો તે માટે ત્યાં પંચનામાની કાર્યવાહી માટે પોલીસે બોલાવેલા.વધુમાં પંચસાહેદ જણાવે છે કે,ત્યાં ફરિયાદી હાજર હતાં અને તેણે બનાવવાળી જગ્યા બતાવેલી અને જે જગ્યા વિરાણીયા ગામના બસ

સ્ટેશનથી ઉતરબાજુ આવેલી હતી.વધુમાં જણાવે છે કે, તે જગ્યાનું વર્ણન પોલીસે પંચનામાની અંદર લખી લીધેલું અને તેઓની સાથે બીજા પંચ ખેતશી ઉર્ફે ખેતાભાઇ ખમુભાઇ મહેશ્વરી હતાં.વધુમાં પંચસાહેદને તેમની જુબાની દરમ્યાન પંચનામું બતાવતાં તેમાં પંચ નં.૧ તરીકે જે સહી છે તે તેઓની સહી છે તેમજ પંચ નં.ર તરીકે જે સહી છે તે તેઓની સાથેના પંચ ખેતશીભાઇ મહેશ્વરની સહી છે જે ઓળખી બતાવે છે જે પંચનામું આંક:–૧૬ થી રજુ છે.

(૧૩.૧) બચાવપક્ષ તરફે સદર પંચસાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે,આ કામના ફરિયાદી તેઓના ભાઇચાત થાય છે અને પંચમાં રહેવાની જાણ તેઓને ફરિયાદીએ નહી પરંતુ પોલીસે કરેલ હતી.તેઓ ઓટલે બેઠા હતાં ત્યારે પોલીસ આવેલી અને તેઓને પંચમાં રહેવાનું જણાવેલ.તેઓ તથા તેઓની સાથેના પંચ ઓટલે બેઠેલ હતાં.તે વાત કબુલ કરેલ છે કે,ખેતશીભાઇ પણ ફરિયાદીના ભાઇચાત થાય છે.તે વાત કબુલ કરેલ છે કે,પંચનામામાં શું લખેલું તે તેઓને આજે ખબર પડી.તે વાત કબુલ કરેલ છે કે,પંચનામામાં ઝઘડા થયા સિવાય શું લખેલુ તે તેઓને ખબર નથી.

(૧૪) આ કામે સાહેદ નં.(૨) પંચસાહેદ રવિરાજસિંહ સુરૂભા જાડેજા તથા સાહેદ નં.(૩) પંચ સાહેદ શકિતસિંહ મહિપતસિંહ ઝાલા નાઓની જુબાની અનુક્રમે આંક:–૧૭ તથા આંક:–૨૦ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓને પોલીસે એક લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરી આપેલી.વધુમાં તેઓને તેમની જુબાની દરમ્યાન પંચનામું બતાવતાં તેમાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે જે આંક:–૧૮ થી રજુ છે.વધુમાં પંચસાહેદોને તેમની જુબાની દરમ્યાન મુદામાલ લાકડી બતાવતાં તે બાબતે કશુ જાણતા નહી હોવાનું જણાવી મુદામાલ લાકડીમાં બાંધેલ પંચસ્લીપમાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે જે આંક:–૧૯ થી રજુ છે.

(૧૪.૧) બચાવપક્ષ તરફે સદર પંચસાહેદોની કરવામાં આવેલ ઉલટ

તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,તેઓએ તૈયાર લખાણમાં સહી કરેલી તે સિવાય તેઓની હાજરીમાં કોઇ કાર્યવાહી થયેલ નથી.

(૧૫) આ કામે સાહેદ નં.(૪) પંચસાહેદ આશીફ આરીફ ખોજા તથા સાહેદ નં.(૩) પંચ સાહેદ તખુભા મનુભા સોઢા નાઓની જુબાની અનુક્રમે આંક:-૨૬ તથા આંક:-૨૮ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તેઓને પોલીસે એક લખાણમાં સહીઓ કરવાનું કહેતાં તેઓએ સહીઓ કરી આપેલી.વધુમાં જણાવે છે કે તેઓ પોલીસના બોલાવાથી કોઇ જગ્યાએ ગયેલા હોઇ અને તે સરકારી કચેરીમાં અન્ય બીજા કોઇ માણસો હાજર હોય અને તેઓની હાજરીમાં કોઇ વ્યકિતએ મામલતદાર સાહેબની હાજરીમાં કોઇને ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં પંચસાહેદોને તેમની જુબાની દરમ્યાન પંચનામું બતાવતાં તેમાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે જે આંક:-૨૭ થી રજુ છે.

(૧૫.૧) બચાવપક્ષ તરફે સદર પંચસાહેદોની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,તેઓએ તૈયાર લખાણમાં સહીઓ કરી આપેલ તે સિવાય તેઓની હાજરીમાં કોઇ કાર્યવાહી થયેલ નથી.

**<u>બનાવ સબંધેના મુખ્ય સાહેદો</u>**

(૧૬) આ કામે સાહેદ નં.(૬) ફરિયાદી રાઘવજી ગગા મહેશ્વરીની જુબાની આંક:-૩૦ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે, બનાવ આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા રાત્રીના દસ-સાડા દસ વાગે વિરાણીયા ગામના બસ સ્ટેશન પાસે વડના ઓટલા પાસે બનેલો અને તેઓના ગામમાં સરપંચની ચુંટણી હતી અને તેઓ સ્કુલથી ઘરે આવતા હતા ત્યારે તેઓના ગામના વડના ઓટલા ઉપર બળવંતસિહ ધિરુભા જાડેજા અને બીજા તેની સાથે બહાદુરસિંહ બેઠા હતા અને આ લોકોએ તેઓનો ગાળો પકડી ભુંડી ગાળો આપેલી અને આ બનાવ વખતે તેઓનો ભત્રિજો મનજી

સુમાર તેઓની સાથે હતો અને તે દોડીને ઘરે ગયેલો અને તેઓના ઘરના લોકોને જાણ કરેલી.વધુમાં ફરિયાદી જણાવે છે કે,તેઓ દોડીને નવી સ્કુલ પર શક્તિસિંહ હાજર હતા તેની પાસે ગયેલો અને આ બનાવ વિશે તેઓએ શકિતસિંહને વાત કરેલી અને મુંદરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.વધુમાં ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે,હાલનો બનાવ સરપંચની ચુંટણી હોઈ તે માટેનું મનદુખ રાખી બનેલો.વધુમાં ફરિયાદીને તેમની જુબાની દરમ્યાન અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક:-૩૧ થી રજુ છે.વધુમાં ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓ અનુસુચિત જાતિના સભ્ય છે અને તેઓએ તેઓની જાતિ સંબંધેનો દાખલો પોલીસને આપેલો.વધુમાં ફરિયાદીને તેમની જુબાની દરમ્યાન દાખલો બતાવવામાં આવે છે જે તેઓનો જ છે જે ઓળખી બતાવે છે.જે આંક:-૩૨ થી રજુ છે.વધુમાં ફરિયાદી તેમની જુબાની દરમ્યાન તમો આરોપીને નામદાર અદાલત સમક્ષ ઓળખી બતાવે છે.વધુમાં ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓએ દવાખાનામાં સારવાર લીધેલી.વધુમાં ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓને આ બનાવામાં કોઈકે લાકડી મારેલી.

(૧૬.૧) બચાવપક્ષ તરફે સદર ફરિયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,તેઓએ આ જે ફરીયાદ કરેલી છે તે ચુંટણીની અદાવતના કારણે કરેલી છે. તે વાત કબુલ કરેલ છે કે તેઓએ જે ફરીયાદ કરેલી છે તે વ્યકિત તેઓ જે પક્ષના છે તેના વિરુધ્ધના પક્ષના છે. તે વાત કબુલ કરેલ છે કે તેઓ જે પક્ષમાં હતા તે પક્ષના માણસોએ કીધેલું જેથી તેઓએ ફરીયાદ તે મુજબની વિગતે લખાવેલી છે. તે વાત કબુલ કરેલ છે કે તેઓની સાથે કોઈ બનાવ બનેલ નથી કે તેઓને કોઈ ગાળો બોલેલ નથી. તે વાત કબુલ કરેલ છે કે આરોપી તેમના ગામના હોઈ ઓળખે છે.તે વાત કબુલ કરેલ છે કે તેઓને કોણે લાકડી મારેલી તે અંધારુ થઈ ગયેલ હોવાથી ચોકકસ પણે કહી શકે નહી.તે વાત કબુલ કરેલ છે કે બસ સ્ટેશન ઉપર ઘણા બધા

માણસો હતા જેથી લાકડી કોણે મારેલી તે ખબર નથી.

(૧૭) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૭) સાહેદ મનજી સુમાર મહેશ્વરીની જુબાની આંક:-૩૩ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,રાઘવજીભાઈ તેઓના કુટુંબી કાકા થાય છે અને આજથી આશરે બે-ત્રણ વર્ષ પહેલા રાત્રીના સાડા નવેક વાગે તેઓના ગામમાં ચુંટણી હોઈ સરપંચ શક્તિસિંહને મળવા ગયેલા હતા અને સરપંચને મળી તેઓ અને રાઘવજી પરત તેઓના ઘરે જતા હતા ત્યારે રસ્તામાં તેઓના ગામનો જે બસ સ્ટેશન આવેલ છે ત્યાં પહોંચેલ તે વખતે ત્યાં એક બળવંતસિંહ તેમજ તેની સાથે બીજા બે માણસો હતા તેમાં બળવંતસિંહએ રાઘવજીને પકડીને થપ્પડ મારેલી અને ગાળાગાળી કરેલી.આ ત્રણે જણાએ રાઘવજીને ધકબુસટનો માર મારેલ ત્યારબાદ તેઓ તેમના ઘરે ચાલી ગયેલ અને પોલીસે તેઓની પુછપરછ કરેલી.વધુમાં સાહેદ તેમની જુબાની દરમ્યાન તમો આરોપીને નામદાર અદાલત સમક્ષ ઓળખી બતાવે છે.

(૧૭.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે,બળવંતસિંહ તેઓના ગામના હોઈ જેથી તેઓને ઓળખે છે.વધુમાં જણાવે છે કે,પોલીસે તેઓની બનાવ બન્યાના અડધા કલાકમાં જ સ્થળ ઉપર જ પુછપરછ કરેલી. તે વાત કબુલ કરેલ છે કે તેઓની સ્થળ ઉપર પુછપરછ થઈ તેના સિવાય બીજા કોઈ દિવસ તેઓને બોલાવેલ હોય કે તેઓની પુછપરછ કરેલ હોય તેવું બનેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે,''બળવંતસિંહએ રાઘવજીને પકડને થપ્પડ મારેલી અને ગાળાગાળી કરેલી'', તે વાત કબુલ કરેલ છે કે જે સમયે બનાવ બનેલો તે સમયે અંધારું હતું અને ૧૫ થી ૨૦ જણા હતા જેથી માણસ ઓળખી શકાય નહી. તે વાત કબુલ કરેલ છે કે ચુંટણીમાં રાઘવજી તથા બળવંતસિંહ સામસામા પક્ષના માણસો હતા.તે વાત કબુલ કરેલ છે કે તેઓના પક્ષના ચુંટણીવાળા

માણસોએ જેમ કીધું તેમ રાઘવજીએ કેસ લખાવેલો. તે વાત કબુલ કરેલ છે કે રાઘવજીએ જે ફરીયાદમા લખાવેલો તેવો કોઈ બનાવ બનેલ ન હતો. તે વાત કબુલ કરેલ છે કે બનાવ સમયગાળો દર્શાવેલ છે તે સમય દરમ્યાન પોલીસ ત્યાં હાજર હતી. તે વાત કબુલ કરેલ છે કે તેઓના પક્ષના ચુંટણીવાળા માણસોએ કીધું એટલે તેઓ અને રાઘવજીએ બળવંતસિંહ તથા અન્યોના નામ આપેલા ખરેખર કોણ માણસો હતા તેની તેઓને ખબર નથી.તે વાત કબુલ કરેલ છે કે ઉપરોકત સરતપાસમાં જે હકીકત લખાવેલ તેવો કોઈ બનાવ તેઓની હાજરીમાં બનેલ નથી પરંતુ તેઓને સમજાવવામાં આવેલ હોવાથી સરતપાસની વિગત લખાવેલ છે. તે વાત કબુલ કરેલ છે કે પોલીસને સરતપાસમાં લખાવેલ તેવી કોઈ વિગત તેઓએ લખાવેલ નથી.

(૧૮) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૮) સાહેદ પ્રેમજી વાછીયા મહેશ્વરીની જુબાની આંક:-૩૪ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,રાઘવજીભાઈ મહેશ્વરી તેઓના મોટા બાપા થાય છે.આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા તેઓના ગામમાં ચુંટણી હતી તે ચુંટણી વખતે બનાવ બનેલો.તેઓ ઘરે હતા ત્યારે મનજીભાઈ તેઓને બોલાવવા માટે આવેલા અને કહેલ કે તમારા મોટા બાપા સાથે બળવંતસિહં ઝઘડો કરે છે. ઝઘડો વિરાણી ગામના બસ સ્ટેશન પાસે થયેલો.આ ઝઘડામાં બે વચ્ચે બોલાચાલી થયેલી.આ ઝઘડામાં બળવંતસિંહએ તેઓના મોટા બાપાને ધકબુસટ કરેલી તેવું તેઓના મોટા બાપાએ જણાવેલું.પોલીસે તેઓનો જવાબ લીધેલો.વધુમાં સાહેદ જણાવે છે કે,આરોપી તેઓના ગામનો છે જેથી ઓળખે છે.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે,લખમાબેન તેઓના મોટી મા થાય છે તેમને પણ તેઓને જણાવેલ હતું કે આ ઝઘડો થયો તે પહેલા આ બળવંતસિહં ઘરે આવેલ હતા અને જેવું તેવું બોલીને ચાલ્યા ગયેલ હતા.

(૧૮.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે,બનાવ તેઓએ નજરે જોયેલ નથી,

બનાવ બનવાનો સમય ગાળો બતાવેલ છે ત્યારે તેઓ બનાવના સ્થળે હાજર ન હતા.તે વાત કબુલ કરેલ છે કે તેઓના મોટા બાપા રાઘવજીભાઈ તથા મનજીભાઈએ તેઓને જે વાત કરેલ તેમાં એટલી જ વાત કરેલ કે બસ સ્ટેશને બબાલ થયેલ છે પરંતુ શું બબાલ થયેલ છે અને કોણ વ્યકિત હતા તેવી કોઈ વાત તેઓને કરેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓના મોટી માં લખમાબેનએ જે બનાવની વાત કરેલ તે સમયે તેઓ ઘરે ન હતા.તે વાત કબુલ કરેલ છે કે તેઓના મોટી માં લખમાબેનએ જે વાત કરી તે વખતે ખરેખર બળવંતસિંહ ઘરે આવેલ હતા કે કેમ તેની તેઓને ખબર નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓના મોટા બાપાએ જે ફરીયાદ લખાવડાવેલ તે તેમના પક્ષના રાજકીય માણસોએ કીધેલ એટલે લખાવેલી અને તે લોકોએ તેઓને સાક્ષી રહેવાનું કહેતા તેઓ સાક્ષી રહેલ.તે વાત કબુલ કરેલ છે કે તેઓના મોટા બાપા રાઘવજીભાઈ સાથે કોઈ બનાવ બનેલ ન હતો કે તેમણે તેઓને કોઈ વાત કરેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે મનજીભાઈએ પણ બનાવ બાબતે તેઓને કોઈ વાત કરેલ નથી.

(૧૯) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૯) સાહેદ લખમાબાઈ રાઘવજી મહેશ્વરીની જુબાની આંક:-૩૬ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,રાઘવજીભાઈ મહેશ્વરી તેઓના પતિ થાય છે અને આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા તેઓના ગામમાં ચુંટણી હતી તે ચુંટણી વખતે બનાવ બનેલો,તા.૨૨/૧૨/૨૧ના રોજ રાત્રીના તેઓ તેમના ઘરે હાજર હતી અને તેમના પતિ ગામમાં ગયેલ હતા અને તે વખતે તેમના પતિનો કુટુંબી ભત્રિજો ઘરે હાજર હતો અને તે સમયે તેઓના ગામના બળવતંસિંહ ધીરુભા જાડેજા તેઓના ઘરે આવેલા અને તેઓને કહેલું કે રાઘવજી કયાં છે જેથી તેઓ તેમને જણાવેલું કે તે બહાર ગયેલા છે અને તે ઉશ્કેરાઈ ગયેલા અને જેમ તેમ ગાળો બોલવા લાગેલા અને કહેલું કે ઢેઢા હમણા બહુ હવામાં ઉડો છો તમારા ટાંટીયા ભાંગી નાખીશ અને અપશબ્દ બોલી જાતિ અપમાનિત કરેલ જેની

જાણ પ્રેમજીએ તેઓના પતિને ફોનથી કરેલ.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે,ત્યારબાદ તેઓ અને પ્રેમજી ઘરે હતા ત્યારે મનજી તેઓને બોલાવવા માટ ઘરે આવેલા અને કહેલ કે તમારા પતિ રાઘવજી સાથે બળવંતસિહં ઝઘડો કરે છે અને ઝઘડો વિરાણી ગામના બસ સ્ટેશન પાસે થયેલો.વધુમાં જણાવે છે કે,આ ઝઘડામાં બે વચ્ચે બોલાચાલી થયેલી અને આ ઝઘડામાં બળવંતસિંહએ તેમના પતિને ધકબુસટ કરેલી તેવું મનજીએ જણાવેલું.વધુમાં જણાવે છે કે,જેથી તેઓ પ્રેમજી તથા મનજી જે જગ્યાએ ઝઘડો થયેલો હતો ત્યાં ગયેલા તે સમયે ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા હતા અને તેઓના ગામના સરપંચ પણ ત્યાં હાજર હતા અને તે સમયે તેઓના પતિએ તેઓને જણાવેલ કે બળવંતસિંહ તથા તેની સાથેના માણસોએ તેઓને ઢેઢડા જેવા અપશબ્દો બોલી જાતિ અપમાનિત કરેલ અને લાકડી તથા પટા વડે માર મારેલ અને તેઓને ઈજા થયેલ હોઈ તેઓ તેમને હોસ્પીટલ લઈ ગયેલા જયાં તેમની સારવાર થયેલી.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે,બનાવનું કારણ એ હતું કે તેઓના પતિએ ચુંટણી સમયે ગામના સરપંચ શક્તિસિંહની પેનલન સમર્થન આપેલ અને સામેની પેનલમાં ઉભેલ બળવંતસિંહ હારી ગયેલા અને તે પેનલનો પણ શક્તિસિંહ સામે પરાજય થયેલો જેનું મનદુખ રાખી બળવંતસિંહ તથા તેની જોડેના ઈસમોએ તેઓના પતિને જાતિ અપમાનિત કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલી.વધુમાં જણાવે છે કે,બનાવ બાબતે તેઓના પતિએ પોલીસમાં ફરીયાદ આપેલી અને બનાવ સંદર્ભે પોલીસે તેઓની પુછપરછ કરેલી.વધુમાં સાહેદ જણાવે છે કે તેઓ અનુસુચિત જાતિમાં આવે છે.

(૧૯.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે,બળવંતસિંહ તેઓના ગામના હોઈ જેથી તેઓ તેને ઓળખે છે.તે વાત કબુલ કરેલ છે કે જે વખતે તેઓના ઘરવાળાનો ઝઘડો થયો તે વખતે તેઓ ઘરે હતી.તે વાત કબુલ કરેલ છે કે

આરોપીએ તેઓના પતિને મારેલ હોય તેવો કોઈ બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**<u>જાહેરનામાં સંબંધી સાહેદ</u>**

(૨૦) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૦) સાહેદ વિરમભાઈ રમાભાઈ ગઢવીની જુબાની આંક:-૩૯ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તેઓ જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરીમાં મેજીસ્ટ્રેટ શાખામાં છેલ્લા ૨૨ માસથી કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને જાહેરનામા સંબંધી રેકર્ડ સંભાળે છે.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે,તા.૦૧/૧૨/૨૦૨૧ ના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી હનુમંતસિંહ જાડેજા સાહેબે કચ્છ જીલ્લામાં કોવીડ-૧૯ ને અનુલક્ષીને મુકવામાં આવેલ પ્રતિબંધની અમલવારી તથા યોજાનાર ધાર્મિક તહેવાર તથા મેળાઓની ઉજવણી નજરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે તા.૦૨/૧૨/૨૧ થી તા.૩૧/૧૨/૨૧ સુધી ના દીવસો દરમ્યાન હથિયાર બંધી અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ.વધુમાં સાહેદને તેમની જુબાની દરમ્યાન હથિયારબંધિનું જાહેરનામાની નકલ બતાવવામાં આવે છે જેમાં જીલ્લા મેજીસ્ટ્રેટનું સીલ છે તથા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી શ્રી હનુમંતસિંહ જાડેજા સાહેબની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક:-૪૦ થી રજુ છે.

(૨૦.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે,આ જાહેરનામાની તારીખે તેઓ આ કચેરીમાં ફરજ બજાવતો ન હોઈ તેઓને કોઈ જાત માહિતી નથી. તેઓ આજરોજ તેમની સાથે લાવેલ રેકર્ડ જોઈને કહી શકે નહી કે આંક-૪૦ વાળુ જાહેરનામુ બહોળી પ્રસિધ્ધિ માટે એસપી કચેરી તેમજ સંબંધિત કચેરીઓમા કયારે મોકલવામા આવેલ અને તેવી કચેરીઓને આ જાહેરનામુ કયારે મળેલું. તે વાત કબુલ કરેલ છે કે,તેઓ એ પણ કહી શકે નહી કે જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી માટે સંબંધીત કચેરી તરફથી શુ કાર્યવાહી કરવામાં આવેલી.

તે વાત કબુલ કરેલ છે કે,જાહેરનામું તેઓએ આપેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે,જાહેરનામા બાબતે કોઈ સંબંધિત કાર્યવાહી થયેલ હોય તે અંગે તેઓને કોઈ જાત માહિતી નથી.

**<u>જાતીના દાખલા અંગેના સાહેદ</u>**

(૨૧) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૧) સાહેદ ગોવિંદભાઇ મનસુખભાઇ માળીની જુબાની આંક:-૪૧ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,હાલે તેઓ સમાજ કલ્યાણ સાખા જિલ્લા પંચાયત કચેરીમાં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓની કચેરીમાં મહેશ્વરી રાઘવજી ગાંગજી નાઓએ અનુસુચિત જાતિનો દાખલો મેળવવા માટે તેઓની કચેરીએ અરજી કરતાં અને તે અરજી સાથે શાળા છોડયાનું પ્રમાણપત્ર, રેશનકાર્ડ તથા ચુટણી કાર્ડ રજુ કરતા તે અરજીના આધારે તેઓની કચેરી તરફથી તેને જાતિનો દાખલો કાઢી આપવામાં આવેલો.વધુમાં સાહેદને તેમની જુબાની દરમ્યાન આંક:-૩૨ વાળો જાતી અંગેનો દાખલો બતાવવામાં આવે છે જેમાં તેઓની કચેરીનો સીલ છે તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી ભુજ જિલ્લા પંચાયત ભુજ નાઓની સહી તથા હોદાનો સીકકો છે જે ઓળખી બતાવે છે.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે,તેઓ તેઓની કચેરીના અનુસુચિત જાતિના દાખલાનુ રજીસ્ટ્રર જે વર્ષ-૨૦૦૨ થી ૨૦૦૫ વાળુ લઈ આવેલ છે જેમાં રજુ અનુક્રમ નં.૧૪ પર મહેશ્વરીન રાઘવજી ગાંગજીને જે જાતિનો દાખલો ઈસ્યુ કરવામાં આવેલ તેની નોધ કરેલ છે.જે રજીસ્ટ્રરની ખરી નકલ આંક:-૪૨ થી રજુ છે.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે,આ દાખલો અરજદાર અનુસુચિત જાતિ (હિન્દુ મેઘવાળ) જ્ઞાતિના હોઈ આપવામાં આવેલ છે.

(૨૧.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,દાખલો આપવા સંબંધે સરકારશ્રીએ જાહેર કરેલ યાદી રીફર કરવાની થતી હોય છે.તે વાત કબુલ કરેલ છે કે,

તેઓની કચેરીએ જે દાખલો આપેલ છે તેમાં સરકારશ્રીએ જાહેર કરેલ યાદી રીફર કરીને આપેલ હોય તેવો ઉલ્લેખ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓને આ કામે કોઈ અંગત જાત માહિતી નથી અને રેકર્ડ આધારીત જુબાની આપે છે.

**<u>મેડીકલ ઓફીસર</u>**

(૨૨) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૨) સાહેદ ડો.ધવલભાઇ ભારમલભાઇ બકુત્રાની જુબાની આંક:-૪૪ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તેઓ ગઈ તા. ૧૨/૧૨/૨૧ ના રોજ સી.એચ. સી. મુંન્દ્રા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હાજર હતા ત્યારે રાતના ૧૧:૨૫ વાગે રાધવજી ગગા મહેશ્વરી, રહે. વિસીયણા વાળા પોલીસ યાદી વગર સારવાર માટે આવેલ અને તે જ દીવસે તે જ સમયે તેઓ તેમને તપાસેલા તેમને નીચે મુજબની ઈજાઓ થયેલ.ઈજા નં. (૧) પીઠના ડાબી બાજુએ ઉપરના ભાગે સામાન્ય સોજો આવેલ હતો. આ ઈજા બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી અને એક થી બે કલાકની અંદર થયેલી હોય તેવી જણાતી હતી.આ ઈજા સામાન્ય હતી અને આ અંગેનુ સારવાર સર્ટી તેઓએ આપેલ.વધુમાં સાહેદને તેમની જુબાની દરમ્યાન સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી તથા તેઓના હોદાનો સીકકો છે જે ઓળખી બતાવે છે જે આંક:-૪૫ થી રજુ છે.

(૨૨.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે,આ દર્દીએ હીસ્ટ્રીમાં ક્યા સ્થળે અને કોણે માર મારેલ તેવી કોઈ હકીકત તેઓને જણાવેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે,આ ઈજા જો કોઈ વ્યક્તિ પડી અને બોથડ પદાર્થ સાથે અથડાય તો પણ થઈ શકે તેવી હતી.

**<u>પોલીસ સાહેદો</u>**

(૨૩) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૩) સાહેદ વસંતભાઇ બાલાશંકર જોષીની જુબાની આંક:-૪૭ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,ગઈ તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ તેઓ મુંન્દ્રા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ. ઓ. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે મુંન્દ્રા પો સ્ટેના પી. આઇ. શ્રી એમ. આર. બારોટનાઓએ પોતાના રૂબરૂની લીધેલ ફરીયાદી રાધવજી ગગા મહેશ્વરી, રહેવાસી-વીરાણીયા, તા.મુંન્દ્ર, વાળાની ફરીયાદ તેઓને યાદી સાથે ગુનો દાખલ કરવા માટે આપતા તે ફરીયાદના આધારે તેઓએ આરોપીઓ બળવંતસિહ ધીરુભા જાડેજા વિરૂધ્ધ સી આર પી સી કલમ-૧૫૪ ના ફોર્મમાં ઉતારો કરી મુંન્દ્રા પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર:૧૩૭૬/૨૦૨૧,તા.૨૩/૧૨/૨૦૨૧ થી આઇ.પી.સી.કલમ- ૩૨૩ ,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસિટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫-એ) તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો દાખલ કરેલ અને જે અંગેનો રિપોર્ટ કરેલો અને આ ગુન્હો એટ્રોસિટી એકટ તળેનો હોઈ આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, એસ ટી એસ સી સેલ, ભુજ નાઓને સુપરત કરેલી.વધુમાં સાહેદને તેમની જુબાની દરમ્યાન આંક-૩૧ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે જેના આધારે તેઓએ આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરેલ છે તે જ છે.વધુમાં સાહેદને તેમની જુબાની દરમ્યાન સી.આર.પી.સી. કલમ-૧૫૪ નું ઉતારો બતાવવામાં આવે છે જે ઉતારો સદર આંક-૩૧ વાળી ફરિયાદના આધારે તેઓએ ગુન્હો દાખલ કરેલો તેજ છે જેમાં ગુન્હો દાખલ કરનાર તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે.

(૨૩.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,મોડી રાત્રે ફરિયાદ દાખલ કરેલી છે.તે વાત કબુલ કરેલ છે કે,તેઓએ ફરિયાદ નોધ્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

(૨૪) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૪) તપાસ કરનાર અમલદારશ્રી

આશિષ અરૂણકુમાર પંડયાની જુબાની આંક:-૪૮ થી થયેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજ તેઓની નોકરી નાયબ પોલીસ અધિક્ષક એસ.સી.એસ.ટી.સેલ ભુજ ખાતે હતી તે દરમ્યાન મુંન્દ્રા પોલીસ સ્ટેશન ખાતે મુન્દ્રા પો સ્ટે ગુના રજી નં.૩૭૬/૨૦૨૧, ઇ.પી.કો.કલમ-૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪,૩૨૩,તથા એટ્રોસીટી એકટ ની કલમ-૩(૧)(આર)(એસ),૩(૨)(૫-એ) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો દાખલ થઇ તપાસ તેઓના તરફ ડેપ્યુટ કરવામાં આવેલી,અને સદર કામે તેઓને સ્પેશીયલ રીપોર્ટ,તપાસમાં પધારવાની યાદી.ગુના રજી થવાની યાદી તથા એફ.આઇ.આર.ની નકલ વિગેરે મળતા વંચાણે લઇ તપાસના કામે સામેલ રાખેલ અને તપાસ સંભાળેલ.વધુમાં તપાસ કરનાર અમલદાર તેમની જુબાનીમાં જણાવે છે કે,બાદ ફરીયાદી રાધવજીભાઈ ગગાભાઈ મહેશ્વરી, નો વિશેષ નિવેદન મેળવેલ અને તેમણે રજુ કરેલ જાતિ અંગેનો દાખલો વંચાણે લઇ કામમાં સામેલ રાખેલ. બાદ આ કામે તે જ દીવસે બનાવ વાળી જગ્યાએ જઇ બે પંચોની હાજરીમાં પંચનામું કરેલ તથા સાહેદો લખમાબાઈ,મનજીભાઇ,પ્રેમજીભાઈ,દામજીભાઈ,શકતીસિંહ, રામદેવસિંહ વિગેરે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવી કામમાં સામેલ રાખેલ,બાદ આ કામે મેડીકલ શ્રી રેફરલ હોસ્પીટલ મુંન્દ્રાને ફરીયાદીના સારવાર સર્ટી મેળવવા યાદી કરેલ અને સારવાર સર્ટી આવતા કામમાં સામેલ રાખેલ.બાદ તેઓની તબીયત નાદુરસ્ત થતા સદર કેસની તપાસ ના.પો.અધિ.શ્રી જે.એન.પંચાલનાઓને સોંપેલ અને આગળની તપાસ તેમણે કરેલ.બાદ તા. ૧૪/૧/૨૦૨૨ ના રોજ તેઓની તબીયત બરાબર થતાં સદર કેસની તપાસ તેઓએ સંભાળેલ.

(૨૪.૧) વધુમાં તપાસ કરનાર અમલદાર તેમની જુબાનીમાં જણાવે છે કે,આરોપી નટુભા ચનુભા જાડેજાની તપાસ દરમ્યાન કોઇ ભુમીકા ફલીત થતી ન હોઈ સદર કામે નામ. કોર્ટમાં સી. આર. પી. સી. કલમ-૧૬૯ ની રીપોર્ટ સાદર કરવામાં આવેલ. બાદ સદર તપાસના કામે સાહેદ

(T. N. Khandhadiya)
8th Addl. Sessions Judge, Bhuj

(૧).વેલજીભાઈ તથા (૨) રાજુસિંહ ના સી.આર.પી. સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનો મેળવવા તજવીજ કરવામાં આવેલ. સદર બનાવ સબંધે જીલ્લામાં હથીયર બંધીનું જાહેરનામું અમલમાં હોઈ જાહેરનામાની નકલ મેળવી કામમાં સામેલ રાખેલ.બાદ તપાસ એકંદરે પૂર્ણ થઇ ગયેલ હોઈ ફક્ત આરોપી બળવંતસિંહ ધીરુભા જાડેજા વિરુધ્ધ ચાર્જશીટ કરતા પુરતા પુરાવા હોઈ તેમના વિરુધ્ધ પુરાવા આધારે ચાર્જશીટ કરવામાં આવેલ.વધુમાં તપાસ કરનાર અમલદાર તેમની જુબાની દરમ્યાન તમો આરોપીને નામદાર અદાલત સમક્ષ ઓળખી બતાવે છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:–૩૧ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે તેઓને તપાસના કામે મળેલ તે તે જ છે.જે ફરીયાદ એમ.આર.બારોટનાઓએ ફરીયાદી રાધવજીભાઈ ગગાભાઈ મહેશ્વરીની તેઓના રૂબરૂ લીધેલ છે તે તે જ છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે.

(૨૪.૨) વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:–૧૬ બનાવ વાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચોએ તેઓની રૂબરૂમાં સહી કરેલી અને રૂબરૂ પણામાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:–૩૨ વાળુ ફરીયાદીની જાતિ અંગેનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જે તે જ છે, જે મુજબ ફરીયાદી અનુસૂચિત જાતિના સભ્ય હોવાનુ જણાઇ આવેલ છે.વધુમાં તપાસ કરનાર અમલદાર તેમની જુબાનીમાં જણાવે છે કે,આ કામે આરોપીને શ્રી જે.એન.પંચાલનાઓએ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે અટક કરેલ જે પંચનામામાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક:–૪૯ થી રજુ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આ કામે તેઓને તપાસના કામે શ્રી એમ.આર.બારોટનાઓએ ઓળખ પરેડ કરાવવા માટે કરેલ યાદી મળેલી હતી જે બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક:–૫૦ થી રજુ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની

દરમ્યાન શ્રી જે.એન.પંચાલનાઓએ આરોપીને ઓળખ પરેડ માટે કરેલ ચાદીઓ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક:–૫૧ થી આંક:–૫૨ સુધી રજુ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન તેઓને ઓળખ પરેડ કરવા માટે મામલતદારનાઓએ કરેલ ચાદીઓ બતાવવામાં આવે છે જે તેઓએ તપાસના કામે મેળવેલ હતી તે તે જ છે જે ઓળખી બતાવે છે જે આંક:–૫૩ થી આંક:–૫૪ સુધી રજુ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન એકઝિ.મેજી.મુન્દ્રા પી.એસ.આઇ.મુંન્દ્રા નાઓએ કરેલ ચાદી બતાવવામાં આવે છે જે તેઓએ તપાસના કામે મેળવેલ હતી તે તે જ છે જે ઓળખી બતાવે છે જે આંક:–૫૫ થી રજુ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન તેઓએ મેડીકલ ઓફીસર મુંન્દ્રાને લખેલ ચાદી બતાવવામાં આવે છે જે તેઓએ લખેલી છે તે તે જ છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક:–૫૬ થી રજુ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:–૪૫ વાળુ સારવાર સર્ટી બતાવવમાં આવે છે જે તેઓએ તપાસના કામે મેળવેલ હતુ તે તે જ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:–૪૦ વાળુ હથીચાર બંધીનું જાહેરનામું બતાવવામાં આવે છે જે તેઓએ તપાસ કામે મેળવેલ હતુ તે તે જ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

(૨૫) આ કામે રજુ થચેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સમગ્રરીતે મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ગ્રામપંચાયતની ચુટણીનું મનદુ:ખ રાખી ફરિયાદી સાથે ઝઘડો કરી ફરિયાદીને ગાળો બોલી,જાતિ અપમાનિત કરી,આરોપીએ ફરિયાદીને લાકડીથી માર મારી મુઢ ઇજાઓ કરી અને જાનથી મારી નાખવાની ધંમકી આપી ગુન્હો કરેલાનું આક્ષેપ છે. આ કામે ફરીયાદી રાઘવજી મહેશ્વરી આંક–૩૦નાઓએ

(T. N. Khandhadiya)
8th Addl. Sessions Judge, Bhuj

તેમની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે અને ઉલટતપાસમાં તેઓએ એવું જણાવેલ છે કે, તેઓએ આ ફરીયાદ ચુંટણીની અદાવતના કારણે કરેલ છે, તેમની સાથે કોઇ બનાવ બનેલ નથી અને ગાળો બોલેલ નથી, કોણે તેમને લાકડી મારેલી તે અંધારુ હોય તેઓ કહી શકે નહી અને બસ સ્ટેશન પણ ઘણા માણસો હતા. આમ, ફરીયાદી કે જેઓ આ કેસના મુખ્ય સાહેદ અને ભોગબનનાર છે તેઓએ તેમની ઉલટતપાસમાં તેમની સરતપાસથી તદ્દન વિરુધ્ધ પુરાવો આપેલ છે અને તે રીતે ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૨૫.૧) સાહેદ મનજીભાઇના આંક–૩૩ના પુરાવા અનુસાર બળવંતસિંહે રાઘવજીને થપ્પડ મારેલી અને ગાળાગાળી કરેલી અને ત્રણેય જણાએ રાઘવજીને ઘકબુશટ મારેલ. તેઓએ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેઓએ પોલીસને એવી હકીકત લખાવેલી નથી કે, બળવંતસિંહે રાઘવજીને પકડીને થપ્પડ મારેલી અને ગાળાગાળી કરેલી. આ સાહેદે એવું પણ જણાવેલ છે કે બનાવ વખતે ૧૫ થી ૨૦ માણસો હતા તેથી માણસ ઓળખી શકાય નહિ અને તેમના પક્ષના માણસોના કહેવા મુજબ રાઘવજીએ કેસ લખાવેલ. બનાવનો સમય દર્શાવેલ છે તે સમયે પોલીસ ત્યાં હાજર હતી. તેમના પક્ષના માણસોના કહેવાથી તેઓએ અને રાઘવજીએ બળવંતસિંહના નામ આપેલા હતા અને ખરેખર કોણ માણસો હતા તેની તેમને ખબર નથી. આમ, આ સાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને કોઇ જ સમર્થન મળતુ નથી અને તેઓએ સરતપાસથી તદ્દન વિપરીત પુરાવો ઉલટતપાસમાં આપેલ છે.

(૨૫.૨) સાહેદ પ્રેમજીભાઇ મહેશ્વરીનો પુરાવો આંક–૩૪થી રજુ છે, રાઘવજીભાઇ ફરીયાદી તેઓના મોટા બાપા થાય છે અને તેમના મોટા બાપાએ તેમને બનાવની હકીકત જણાવેલી. આ સાહેદે કબુલ કરેલ છે તે

તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને તે રીતે આ સાહેદનો પુરાવો વિશેષ મહત્વ ધરાવતો નથી. સાહેદ લખમાભાઇ રાઘવજીનો પુરાવો આંક–૩૬થી થયેલ છે અને તેણીએ પણ બનાવને સમર્થન આપેલ છે પરંતુ તેણીની ઉલટતપાસ અનુસાર તેણીએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ વખતે તેણી ઘરે હતા. આમ, જયારે આ કેસમાં ફરીયાદી અને નજરે જોનાર સાહેદો એવા રાઘવજીભાઇ અને મનજીભાઇના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ત્યારે આ કથોપકથિત પુરાવો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવા માટે પુરતો નથી. આ કામે ડો. ધવલભાઇનો પુરાવો આંક–૪૧થી રજુ થયેલ છે તેઓએ તા. ૧૨/૧૨/૨૦૨૧ના રોજ ફરીયાદીને તપાસેલ હોવાની અને ફરીયાદીને સોજો હોવાની હકીકત જણાવેલ છે. તેમની ઉલટતપાસ અનુસાર ફરીયાદીએ તેમને કોઇ હીસ્ટ્રીમાં કયારે અને કોણે માર મારેલ તે હકીકત જણાવેલ નથી અને આ ઈજા કોઈ માણસ પડી જાય તો પણ થઇ શકે તેવું જણાવેલ છે. આ કામે રજુ થયેલ મૌખિક પુરાવાઓ પરથી આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી નથી અને ફરીયાદી અને અન્ય સાહેદના પુરાવામાં મહત્વના વિરોધાભાસો અને ત્રૂટિઓ છે અને તેથી ફરીયાદપક્ષનો કેસ સાબિત થતો નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરતાં આરોપીએ ફરીયાદીને લાકડીથી મુંઢ મારેલ હોય, ગાળો આપેલ હોય, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે જાતિ અપમાનિત કરેલ હોય તેવા કોઈ જ આક્ષેપિત ગુના કરેલાની હકીકત રેકર્ડ પર સાબિત થયેલ નથી અને તેથી આરોપીને આ કામે આક્ષેપિત તહોમતો માટે જવાબદાર ઠરાવી શકાય તેમ નથી.

(૨૬) આ કામે ઉપરોકત પુરાવાની ચર્ચા અનુસાર ફરિયાદપક્ષ આરોપીઓ સામેનાં ત્હોમત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ મુદા નં.(૧) થી (૩) નો જવાબ **નકારમા** આપી મુદા નં.૪ પરતવે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

(T. N. Khandhadiya)
8th Addl. Sessions Judge, Bhuj

**::- હુકમ ::-**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫ (૧) અન્વયે આ કામનાં આરોપી **બળવંતસિંહ ધીરૂભા જાડેજા** ઉ.વ.૩૨,ધંધો-પ્રા.નોકરી, રહે:ગામ:વિરાણી તા:મુન્દ્રા, જિલ્લો:-કચ્છનાંઓને તેઓની સામે નાં ભારતીય દંડ સંહિતાની કલમ:૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨) , ૧૧૪ તથા,જી.પી.એકટ-૧૩૫ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ નાં સુધારા -૨૦૧૫ ની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭ (એ) ની જોગવાઇ અન્વયે દરેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં સધ્ધર જામીન અપીલ પિરીયેડ ૬(છ) માસનાં સમયગાળા માટેનાં આપવા.

(૩) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ હથિયારો બીનકિંમતી હોય અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા:-૦૮મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો

તા:-૦૮/૦૪/૨૦૨૬
ભુજ-કચ્છ.

**(તુષાર નિતીનભાઇ ખંધડીયા)**
સ્પેશ્યલ (એટ્રોસીટી) જજ (કોર્ટ નં.૮)
ભુજ-કચ્છ. GJ00953

*R.L GADHAVI*

(T. N. Khandhadiya)
8th Addl. Sessions Judge, Bhuj